**ધુમાડા રહિત પર્યાવરણો (નિયંત્રણો અને અમલવારી)**
**સુધારણા ધારો 2011**
માટેની જરૂરિયાતો



**રીટેલરો (છૂટક વેપારીઓ) માટે માહિતી**

# તમાકુ ઉત્પાદનોના પ્રદર્શન ઉપર સંપૂર્ણ પ્રતિબંધ

GUJARATI

## નીચેની વિગતોને આવરી લેતી તમાકુના રીટેલરો માટેની માહિતી:

- નવો કાયદો કે જે તમાકુના ઉત્પાદનોના પ્રદર્શન ઉપર મનાઇ ફરમાવે છે
- કાયદાની સાથે સુસંગતપણે કામ કરવું
- અપરાધો અને દંડો
- જ્યાં તમે વધુ માહિતી શોધી શકો છો.

તમાકુના રીટેલરો માટેની આ શીઘ્ર માર્ગદર્શન પુસ્તિકા ધુમાડા રહિત પર્યાવરણો (નિયંત્રણો અને અમલવારી) સુધારણા ધારો 2011 હેઠળ નવા તમાકુ ઉત્પાદનના પ્રદર્શનની જરૂરિયાતો અને જવાબદારીઓને સ્પષ્ટ કરે છે.

## નવો કાયદો શું છે અને તેનો અર્થ શું થાય છે?

ધુમાડા રહિત પર્યાવરણો (નિયંત્રણો અને અમલવારી) સુધારણા ધારો 2011, **23 જુલાઇ 2012થી તમાકુના ઉત્પાદનોના પ્રદર્શન ઉપર સંપૂર્ણ પ્રતિબંધ** દાખલ કરે છે.

નવા કાયદાનો અર્થ એવો થાય છે કે તમાકુ ઉત્પાદનોની રોજીંદી છૂટક વ્યવસ્થાઓમાં જનતાના કોઇપણ સભ્યો સમક્ષ – ખાસ કરીને યુવાન માણસો અને તાજેતરમાં ધુમ્રપાન છોડનારાઓ સમક્ષ તમાકુના ઉત્પાદનો (પડીકાઓ અને કાર્ટ્નો સહિત) તેમની નજરે ચડે તે રીતે પ્રદર્શિત કરવામાં આવશે નહીં. કાયદો તમાકુના ઉત્પાદનની ડિલિવરી, પુનઃ સ્ટૉક કરવાની અને વેચાણની બાબતને આવરી લે છે.

**જો તમે કાયદાનો ભંગ કરશો તો, તમારી સામે કાયદેસર પગલાં લેવાઇ શકે છે.**



# કાયદા સાથે સુસંગત રહીને કામ કરવું

## મારે શું કરવું?

તમારે એ સુનિશ્ચિત કરવાનું છે કે તમારી દુકાન કે સ્ટોરની અંદર કે બહારથી તમાકુની પેદાશો આમ જનતા જોઈ શકે નહીં. નવાં કાયદાનું પાલન કરવા તમારી દુકાનમાં શું ફેરફારો કરવા કે છૂટક વેચાણ વ્યવસ્થા કેવી રાખવી તે તમારે નક્કી કરવાનું છે. વિચારી જુવો:

- તમાકુની પેદાશો ક્યાં અને કેવી રીતે રાખો છો – તમે કાઉન્ટરની નીચે તેમને રાખી શકો. ખાસ હેતુસર બનાવેલા નવાં સ્ટોરેજ કેબિનેટો બનાવો કે હાલના કેબિનેટોમાં સુધારાઓ કરો.
- ડિલિવરી, પુનઃ સ્ટૉક કરતા સમયે કે વેચાણ કરતી વખતે તમે તમાકુના ઉત્પાદનો ઉપર કેવી રીતે દેખરેખ રાખો છો.

એક વખત ગ્રાહકે તમાકુના ઉત્પાદનની ખરીદી કરીને ઉત્પાદન મેળવી લીધા બાદ તમારે ઉત્પાદન, નજરથી દૂર રાખવામાં આવે છે તેની ખાતરી કરવાની રહેશે નહીં (દાખલા તરીકે, જો તેમની કારની ચાવીઓ તેમની થેલીમાં શોધવા માટે, એક ગ્રાહક ખરીદેલ તમાકુના ઉત્પાદનને અન્ય ગ્રાહકોની નજરમાં ચડે તે રીતે તમારા કાઉન્ટર ઉપર મુકે તો).

## હું તમાકુની પેદાશોનું વેચાણ કરું છું એવી હું જાહેરાત કરી શકું?

હા, તમારી ઇમારતોની અંદર તમાકુના ઉત્પાદનો વેચાણ માટે ઉપલબ્ધ છે તેવું દર્શાવવા માટેના સંકેત અને દુકાનમાં તે વેચાણના સ્થાનને પ્રદર્શિત કરી શકો છો.

23 જુલાઇ 2012થી, તમાકુ કે ધૂમ્રપાનને લગતા કોઇપણ અન્ય સંદર્ભોને તમાકુ ઉત્પાદનની જાહેરાતો તરીકે વર્ગીકૃત કરવામાં આવશે અને તેને પ્રદર્શિત કરી શકાતા નથી. આમાં હાલના ‘ધૂમ્રપાન મોત લાવે છે’ અને ‘18થી નીચેનાને કોઇપણ જાતનું વેચાણ નહી’નો સમાવેશ થાય છે. આ સંકેતોને 23 જુલાઇ 2012થી પ્રદર્શિત કરી શકાતા નથી.

## શું તમાકુ ઉત્પાદનના ટ્રેડ કે રીટેલ નામોનું પ્રદર્શન હું કરી શકુ છું?

ના, 23 જુલાઇ 2012થી તમારા ઉત્પાદનના ટ્રેડમાર્કસ, કંપનીના નામો કે શબ્દો કે રૂઢ પ્રયોગો (જેવા કે તમાકુના સુત્રો કે બ્રાન્ડમાં ઉપયોગમાં લેવાય છે) ધરાવતા ટ્રેડ કે રીટેલ નામોના પ્રદર્શનો ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવશે.

23 જુલાઇ 2012 બાદ, કોઇપણ રીટેલર કે જે આ પ્રકારના નામોનું પ્રદર્શન કરવાનું ચાલુ રાખશે તો તે કાનૂની કાર્યવાહી અને 10,000 ડૉલર સુધીના દંડને પાત્ર ઠરશે.

## શું હું ઉત્પાદન ઓળખ માટેની ટૅગ્સનો ઉપયોગ કરી શકું?

હા, જો કે તેનો લોકોની નજરથી દૂર સંગ્રહ કરવો જરૂરી છે તો પણ તમારે ઝડપથી તેને અલગ પાડવાની અને હલ કરવાની ક્ષમતાની જરુર પડશે. જનતા સરળતાથી તેને વાંચી ન શકે ત્યાં સુધી તમે કૅબિનેટમાં ચોક્કસ તમાકુના ઉત્પાદનને શોધવામાં તમને મદદ કરે તેવી ટૅગ્સનો ઉપયોગ કરી શકો છો.

ટૅગ્સ નાના લેબલો, કોડ કે અન્ય નિશાનીઓ હોઇ શકે જેને માત્ર વેચાણ સ્ટાફ જોઇ અને/અથવા સમજી શકે. આ ટૅગ્સનો ઉપયોગ જાહેર જનતાને તમાકુના ઉત્પાદનોનું પ્રદર્શન કરવા માટે કે જાહેરાત કરવા માટે ન થાય તે જરૂરી છે.

## શું હું તમાકુ ઉત્પાદનોની યાદી ગ્રાહકોને બતાવી શકુ છું?

વિનંતી કરવામાં આવે તો 18થી ઉપરની ઉંમરના ગ્રાહકોને તમાકુના ઉત્પાદનોના નામો કે જે ઉપલબ્ધ છે અને તેમની કિંમતોને જ પ્રદર્શિત કરતી હોય તેવી યાદી આપી શકો છો. જયારે ઉપયોગમાં ન હોય ત્યારે યાદી નજરથી દૂર રાખવી જરૂરી છે. કાઉન્ટરની નીચે અથવા એક ફોલ્ડરમાં.

તમાકુના ઉત્પાદનો અંગેની કોઇપણ અન્ય માહિતીને જાહેરાત તરીકે વર્ગીકૃત કરી શકાય છે અને તેથી તેને પ્રદર્શિત કરી શકાતી નથી.

## તમાકુની ડિલિવરી, પુનઃ સ્ટૉકિંગ કે વેચાણ સમયે હું સૂચનાનું પાલન કરનાર વ્યકિત કેવી રીતે બની શકું?

નિયમોમાં એવા અપવાદો છે કે જે તમને તમાકુ મેળવવાની, તેનો પુનઃ સ્ટૉક કરવાની અને ઉત્પાદનો વેચવાની છૂટ આપે છે. તમાકુના ઉત્પાદનો જ્યારે મોકલવામાં આવી રહ્યા હોય છે ત્યારે બહુ **ટૂંકા સમયના ગાળા** માટે તેને પ્રદર્શિત કરી શકાય છઃ

- રીટેલરોને (છૂટક વેપારીઓથી) અથવા વેન્ડિંગ મશીનોને
- રીટેલર (છૂટક વેપારીઓથી) કે વેન્ડિંગ મશીનમાંથી ગ્રાહકોને.

ડિલિવરી, પુનઃ સ્ટૉક કરવા સમયે કે વેચાણ સમય દરમિયાન તમાકુના ઉત્પાદનોના બિનજરૂરી પ્રદર્શનને ટાળવા માટે મદદ કરવા માટેના થોડા સૂચનો નીચે છે. વધુ વિગત માટે આરોગ્ય મંત્રાલયની વેબસાઇટ જુવો (www.health.govt.nz/publication/guidelines-implementing-prohibition-display-tobacco-products).

- જ્યારે તમારી ઇમારતો બંધ હોય અથવા શાંત સમય દરમિયાન પુનઃ સ્ટૉક કરવાની બાબત ઉપર વિચાર કરો. જો તમે વ્યસ્ત સમય દરમિયાન પુનઃ સ્ટૉક જમા કરશો તો તમાકુના ઉત્પાદનો જાહેર જનતાના ધ્યાનમાં પડશે તેનું વધારે જોખમ રહેશે.
- જો તમાકુની કૅબિનેટો કે ખાનાઓ જાહેર જનતા દ્વારા જોઇ શકાય તેમ હોય તો પુનઃ સ્ટૉકિંગ માટે માત્ર કૅબિનેટને ખોલો અથવા વેચાણ માટેના ઉત્પાદનને દૂર કરો અને આ કામ પૂર્ણ થાય કે તરત જ કૅબિનેટને બંધ કરો.
- ગ્રાહકો સાથે કામ પાર પાડવા સ્ટૉક ભરવાનું કામ અધુરું ન છોડો કે બીજું કામ પણ હાથમાં ન લો. તેમની નજર સામેથી તમાકુની પેદાશો દૂર ન કરો કે પેટીઓ બંધ ન કરી દો ત્યાં સુધી અને તકેદારી રાખો.

**તમાકુના ઉત્પાદનોનું કોઇપણ લાંબુ પ્રદર્શન (એટલે કે જરૂરી માત્રાથી વધુ) ગેરકાયદે બની શકે છે – અને તમારા પર કાયદેસર પગલાં લેવાઇ શકે છે.**

## જો હું ઇન્ટરનેટ ઉપર તમાકુના ઉત્પાદનોનું વેચાણ કરૂ તો?

પ્રદર્શનના પ્રતિબંધમાં ઇન્ટરનેટ ઉપર તમાકુના ઉત્પાદનનો સમાવેશ થાય છે. ન્યુઝીલૅન્ડમાં ઇન્ટરનેટ ઉપર તમાકુનું વેચાણ કરતી કોઇપણ વ્યકિતએ વેબસાઇટ કે કોઇપણ અન્ય ઈલેકટ્રૉનિક દસ્તાવેજ કે માધ્યમ ઉપર તમાકુના ઉત્પાદનો કે કોઇપણ અન્ય તમાકુ સંબંધિત માહિતીનું પ્રદર્શન ન કરવું જોઇએ.

## અપરાધો અને દંડો

તમાકુ ઉત્પાદનના પ્રદર્શન પ્રતિબંધના ઉલ્લંઘન કે ભંગ માટેનો મહત્તમ દંડ **10,000 ડૉલર** છે.

## વધુ માહિતી

આ ચોપાનિયું (બ્રોશર) માત્ર એક માર્ગદર્શન છે. વધારાની માહિતી માટે:

- *તમાકુ ઉત્પાદનોના પ્રદર્શન ઉપર પ્રતિબંધનો અમલ કરવા માટેના આરોગ્ય મંત્રાલયના માર્ગદર્શક સૂચનો - તમાકુના ઉત્પાદનોના વિક્રેતાઓ ધૂમ્રપાન નિષેધ સ્થાનો સંબંધિત અધિકારીઓ માટેની માહિતી મંત્રાલયની* વેબસાઇટ (www.health.govt.nz/publication/guidelines-implementing-prohibition-display-tobacco-products) પર ઉપલબ્ધ છે.
- તમારા સ્થાનિક જીલ્લા આરોગ્ય મંડળની જાહેર આરોગ્ય સેવાનો સંપર્ક સાધો.

જાહેર આરોગ્ય સેવાના સંપર્કની વિગતો:

smokefree auahi kore

New Zealand Government

www.healthed.govt.nz થી આ સ્રોત ઉપલબ્ધ છે કે પછી તમારા સ્થાનિક DHB એ અધિકૃત પ્રોવાઈડરથી.

MINISTRY OF HEALTH MANATŪ HAUORA

Published July 2012. Gujarati. Code HE2389